# મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., નવાગામ ખાતે કિશાન ગોષ્ઠી તાલીમનું આયોજન

મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, નવાગામ ખાતે અત્રેના કેન્દ્ર અને આત્મા પ્રોજેક્ટ, ખેડાના સંકલનમાં એક દિવસીય કિશાન ગોષ્ઠી તાલીમ કાર્યક્રમ તા.૦૫.૧૦.૨૦૨૪નાં રોજ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં ડૉ. એમ.બી.પરમાર, સંશોધન વૈજ્ઞાનિક(ચોખા) દ્વારા આ કેન્દ્ર પર ચાલતા સંશોધનો અને ખેડૂતો માટે ઉપયોગીતા વિષે સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું, ડૉ.એસ.જી.પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, દ્વારા ડાંગરની સુધારેલ જાતોની લક્ષણીક્તાઓ અને તેના મહત્વ વિષેની માહિતી આપી, ડૉ.ડી.જે.કાચા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક દ્વારા ઓરાણ ડાંગરની ખેતી પધ્ધતિની માહિતી અને તેના ફાયદા વિષે સમજણ આપી, ડૉ.આર.કે.ગંગવાર, સહ સંશોધન વૈજ્ઞાનિક દ્વારા ડાંગરના રોગોનું સંકલિત વ્યવસ્થાપન વિષે સમજણ આપી, શ્રી. એસ.એસ.થોરાટ દ્વારા ડાંગરમાં આવતી જીવાતો અને તેનું સંકલિત વ્યવસ્થાપન વિષે સંપુર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું. કાર્યક્રમના અંતે ખેડૂતોને મુજવતા પ્રશ્નો અંગેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. આ કાર્યક્રમમાં ખેડા તાલુકાના જુદા-જુદા ગામો માંથી ૧૦૦ જેટલા ખેડૂતો ઉપસ્થિત રહેલ હતા. ત્યારબાદ ડૉ. એમ.બી.પરમાર અને શ્રી. એન.આર.મકવાણા દ્વારા મ્યુઝીયમ અને ફિલ્ડની મુલાકાત કરાવામાં આવી. ત્યારબાદ શ્રી. એન.આર.મકવાણા, ખેતી અધિકારી દ્વારા આભાર વિધિ કરી સદર પરીસંવાદને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો.








સંશોધન વૈજ્ઞાનિક (ચોખા)ઈ.ચા.